**(1) કોહાલા હાઈડ્રોપાવર પ્રોજેક્ટ વિશે નીચેનામાંથી સાચાં વિધાન પસંદ કરો ?**

(1) આ પ્રોજેક્ટ ચીન દ્વારા સ્થાપવામાં આવશે.
(2) તે જેલમ નદી પર બનાવવામાં આવશે.
(3) તે CPEC (ચાઈના–પાકિસ્તાન ઈકોનોમિક કોરીડોર)નો ભાગ છે.
(4) આ પ્રોજેક્ટ દ્વારા ઉત્પન્ન થતી વિજળી પાકિસ્તાનને મળશે.

(A) માત્ર (1), (2) અને (3)
(B) માત્ર (2), (3) અને (4)
(C) માત્ર (1) અને (4)
(D) આપેલ તમામ

⇛ **જવાબ :- D**

**સમજૂતી :**

⇛ ચીન દ્વારા **POK** (પાકિસ્તાન અધિકૃત કાશ્મીર)માં કોહાલા હાઈડ્રોપાવર પ્રોજેક્ટ સ્થાપવામાં આવશે. (આથી, વિધાન **(1)** સાચું છે.)

⇛ આ પ્રોજેક્ટ **CPEC** (ચાઈના–પાકિસ્તાન ઈકોનોમિક કોરીડોર)ના ભાગરૂપે સ્થાપવામાં આવશે. (આથી, વિધાન **(3)** સાચું છે.)

⇛ આ પ્રોજેક્ટ જેલમ નદી પર બાંધવામાં આવશે. (આથી, વિધાન **(2)** સાચું છે.)

⇛ તે **1124** મેગાવોટનો પાવરનો પ્રોજેક્ટ છે જેનાં દ્વારા વાર્ષિક **5** બિલિયન યુનિટ કરતાં વધુ વિજળી ઉત્પન્ન થશે.

⇛ આ દ્વારા પાકિસ્તાનના ગ્રાહકોને સસ્તા ભાવની તથા સ્વચ્છ (પર્યાવરણની દષ્ટિએ) વિજળી મળી રહેશે. (આથી, વિધાન **(4)** સાચું છે.)

⇛ ભારતે ચીનના આ પગલાંનો સખત વિરોધ કર્યો છે.

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS

## (2) 'C-TAP' વિશે નીચેનામાંથી સાચાં વિધાન પસંદ કરો ?

(1) તેનું પૂરુંનામ Central Technology Access Pool છે.
(2) તે WHO દ્વારા લોન્ચ કરવામાં આવ્યું છે.
(3) આ પહેલની ભલામણ કોસ્ટા રિકા દેશનાં પ્રેસીડેન્ટ દ્વારા કરવામાં આવી હતી.
(4) તેના દ્વારા COVID-19 માટેની દવા, રસી કે અન્ય ટેક્નોલોજીના સંશોધનને વેગ મળશે.

(A) માત્ર (1) અને (2)
(B) માત્ર (2), (3) અને (4)
(C) માત્ર (4)
(D) આપેલ તમામ

⇛ **જવાબ :- B**

**સમજૂતી :**

⇛ કોસ્ટા રિકા અને WHO દ્વારા C-TAP પહેલ લોન્ચ કરવામાં આવી છે. (આથી, વિધાન (2) સાચું છે.)

⇛ C-TAPનું પૂરુંનામ COVID-19 Technology Access Pool છે. (આથી, વિધાન (1) ખોટું છે.)

⇛ આશરે 30 દેશ, સંસ્થા તથા આંતરરાષ્ટ્રીય ભાગીદારોએ આ પહેલને સાથ આપવાનું નક્કી કર્યું છે.

⇛ આ પહેલની ભલામણ કોસ્ટા રિકાના પ્રેસીડન્ટ દ્વારા કરવામાં આવી હતી. (આથી, વિધાન (3) સાચું છે.)

⇛ તે એક પહેલ છે જેમાં COVID-19ની દવા, રસી, મેડિકલ ટેસ્ટ તથા અન્ય ટેક્નોલોજીને બનાવવામાં વેગ મળશે. (આથી, વિધાન (4) સાચું છે.)

⇛ ઉપરાંત આ પહેલ ઉપરની દરેક વસ્તુને દરેક દેશ માટે મુક્ત (Open) રાખવા ઈચ્છે છે.

ICE® INSTITUTE FOR COMPETITIVE EXAMS

## (3) ખેલો ઈન્ડિયા કમ્યુનિટી કોચ ડેવલપમેન્ટ પ્રોગ્રામ વિશે નીચેનામાંથી સાચાં વિધાન પસંદ કરો ?

(1) આ કાર્યક્રમ યુવા કાર્ય અને રમત–ગમત મંત્રાલય દ્વારા લોન્ચ કરવામાં આવેલ છે.
(2) શાળામાં 'ફિઝિકલ એજ્યુકેશન' (શરીર શિક્ષણ)ને વધુ મહત્ત્વ આપવા માટે આ કાર્યક્રમ લોન્ચ કરવામાં આવ્યો છે.
(3) આ કાર્યક્રમને દરેક શાળાઓ સુધી પહોંચાડવા માટે માનવ વિકાસ સંસાધન મંત્રાલય અને યુવા કાર્ય અને રમત–ગમત મંત્રાલય સાથે કાર્ય કરશે.
(4) આ કાર્યક્રમ 6 મહિના સુધી ચાલશે.

(A) માત્ર (1), (2) અને (3)
(B) માત્ર (2), (3) અને (4)
(C) માત્ર (1) અને (4)
(D) આપેલ તમામ

⇛ **જવાબ :- A**

**સમજૂતી :**

⇛ 2 જૂન, 2020ના રોજ યુવા કાર્ય અને રમત–ગમત મંત્રાલય દ્વારા 'ખેલો ઈન્ડિયા કમ્યુનિટી કોચ ડેવલપમેન્ટ પ્રોગ્રામ' લોન્ચ કરવામાં આવ્યો છે. (આથી, વિધાન (1) સાચું છે.)

⇛ કમ્યુનિટી કોચ અને PE(ફિઝિકલ એજ્યુકેશન)ના શિક્ષકો માટેનો આ 25 દિવસનો કાર્યક્રમ છે. (આથી, વિધાન (4) ખોટું છે.)

⇛ શાળામાં ફિઝિકલ એજ્યુકેશનને વધુ મહત્ત્વ આપવા માટે આ કાર્યક્રમ લોન્ચ કરવામાં આવ્યો છે. (આથી, વિધાન (2) સાચું છે.)

⇛ આ કાર્યક્રમને દરેક શાળાઓ સુધી પહોંચાડવા માટે માનવ વિકાસ સંસાધન મંત્રાલય અને યુવા કાર્ય અને રમત–ગમત મંત્રાલય સાથે કાર્ય કરશે. (આથી, વિધાન (3) સાચું છે.)

⇛ પ્રમુખ શિક્ષણવિદોના સામાન્ય સેશન ઉપરાંત આંતરરાષ્ટ્રીય તજજ્ઞો પણ આ કાર્યક્રમમાં ભાગ લેશે.

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS ®

## (4) CHAMPIONS પોર્ટલ વિશે નીચેનામાંથી સાચાં વિધાન પસંદ કરો ?

(1) તેનું પૂરુંનામ Creation and Harmonious Application of Modern Processes for Increasing the Output and National Strength છે.

(2) આ પોર્ટલ દ્વારા MSME ક્ષેત્રની સમસ્યાઓને ઉકેલવામાં આવશે.

(3) તે MSME ક્ષેત્રને નવી તકનો લાભ લેવા માટે પણ મદદ કરશે.

(4) તેનું લક્ષ્ય નાના એકમોને મોટા બનાવવાનું છે.

(A) માત્ર (1) અને (2)   (B) માત્ર (3) અને (4)

(C) માત્ર (1) અને (4)   (D) આપેલ તમામ

⇒ જવાબ :- D

**સમજૂતી :**

⇒ પ્રધાનમંત્રી શ્રી નરેન્દ્રભાઈ મોદી દ્વારા CHAMPIONS પોર્ટલ તથા વેબ પ્લેટફોર્મ લોન્ચ કરવામાં આવ્યું છે.

⇒ અહીં, CHAMPIONSનું પૂરુંનામ Creation and Harmonious Application of Modern Processes for Increasing the Output and National Strength છે. (આથી, વિધાન (1) સાચું છે.)

⇒ આ પોર્ટલ નાના એકમોને સહાય દ્વારા, પ્રોત્સાહન દ્વારા તથા તેમના પ્રશ્નોનું સમાધાન લાવીને તેમને મોટા એકમ બનાવવા ઈચ્છે છે. (આથી, વિધાન (4) સાચું છે.)

⇒ પોર્ટલના હેતુઓ :

- MSME ક્ષેત્રની સમસ્યાઓનો ઉકેલ લાવવો. જેમાં મુખ્યત્વે કાચા માલ, ફાયનાન્સ, શ્રમ, મંજૂરીઓ વગેરેનો સમાવેશ થશે. (આથી, વિધાન (2) સાચું છે.)
- તે MSME ક્ષેત્રને નવી તકનો લાભ લેવા માટે મદદ કરશે. જેમાં એસેસરીઝનું ઉત્પાદન, મેડીકલ ઉપકરણો, PPE કિટ, માસ્ક વગેરેનો સમાવેશ થાય છે. (આથી, વિધાન (3) સાચું છે.)
- તે રાષ્ટ્રીય અને આંતરરાષ્ટ્રીય 'ચેમ્પીયન'ની ઓળખ કરશે. આ ચેમ્પીયન એ હશે જે વર્તમાન પરિસ્થિતિમાં પણ અડગ હોય.

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS

## (5) ચક્વાત 'નિસર્ગ' વિશે નીચેનામાંથી સાચાં વિધાન પસંદ કરો ?

(1) આ નામ બાંગ્લાદેશ દ્વારા આપવામાં આવ્યું છે.

(2) આ ચક્વાતની અસર મહારાષ્ટ્ર અને ગુજરાતમાં થશે.

(3) આ ચક્યાતનો ઉદ્દભવ ઉત્તર–પૂર્વ અરબી સમુદ્રમાં સર્જાયેલા નીચા દબાણના કારણે થયેલો છે.

(4) તે અંફાન કરતાં પ્રમાણમાં નબળો ચક્વાત છે.

(A) માત્ર (1), (2) અને (3)

(B) માત્ર (2), (3) અને (4)

(C) માત્ર (1), (2) અને (4)

(D) આપેલ તમામ

⇛ **જવાબ :- C**

**સમજૂતી :**

⇛ નિસર્ગ એક ઉષ્ણકટિબંધીય ચક્વાત છે જેની અસર મહારાષ્ટ્ર અને ગુજરાતમાં અનુભવાય રહી છે. (આથી, વિધાન (2) સાચું છે.)

⇛ ઉત્તર હિંદ મહાસાગર તથા ભારતમાં વર્ષ 2020માં આવેલું આ બિજું ચક્વાત છે.

⇛ થોડાં દિવસો અગાઉ બંગાળની ખાડીમાં 'અંફાન' ચક્વાત આવ્યું હતું જે 'નિસર્ગ' કરતાં વધુ મજબૂત હતું. (આથી, વિધાન (4) સાચું છે.)

⇛ IMD (ભારતીય મૌસમ વિજ્ઞાન વિભાગ) દ્વારા તેને તીવ્ર ચક્વાતી વાવાઝોડાં (Severe Cyclonic Storm) તરીકે વર્ગીકૃત કરવામાં આવ્યું છે.

⇛ 'નિસર્ગ' નામ બાંગ્લાદેશ દ્વારા આપવામાં આવેલું છે. (આથી, વિધાન (1) સાચું છે.)

⇛ 31 મે 2020થી દક્ષિણ–પૂર્વ અરબી સમુદ્રમાં નીચું દબાણ અનુભવાય રહ્યું હતું. આ દબાણને આ ચક્વાતનો ઉદ્દભવ કહેવામાં આવે છે. (આથી, વિધાન (3) ખોટું છે.)

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS

**સ્પર્ધાત્મક પરીક્ષાની લેટેસ્ટ માહિતી અને ફ્રી મટીરિયલ્સ**
**તેમજ રેગ્યુલર કરંટ અફેર્સ મેળવવા માટે**
**નીચે આપેલા અમારા**
Social Media Icon **પર** Click **કરો.**

**JOIN OUR TELEGRAM**
t.me/icerajkotofficial

YouTube
ICE RAJKOT

Instagram
ICE RAJKOT

Facebook
*like* | *comment* | *share*
ICE RAJKOT

twitter
ICE RAJKOT